ભારતના પ્રાચીન સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક વારસા સાથે 21 મી સદીની ભારતની કિશોર અને તરુણ વયમાં પ્રવેશી ચુકેલી નવી પેઢી પ્રગટપણે તાદાત્મય સાધે એ હેતુસભર "નવી શિક્ષણ નિતિ" ના માર્ગદર્શક સૂચનોને અનુરૂપ ધોરણ 6 થી ધોરણ 12 સુધીના અભ્યાસક્રમમાં શ્રીમદ ભાગવત ગીતાને પાઠ્યપુસ્તક રૂપે સામેલ કરવાનો ગુજરાત સરકારશ્રીનો નિર્ણય ઐતિહાસિક અને અભૂત પૂર્વ છે. અને તે માટે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, શિક્ષણ મંત્રી શ્રી કુબેરસિંહ તથા શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા સહિત ભારતીય જનતા પાર્ટીના સમગ્ર મંત્રીમંડળ સહિત સરકારશ્રીને ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું.

22મી ડિસેમ્બર 2023 ના રોજ "ગીતા જયંતી" ના પવિત્ર દિવસે કે જે દિવસે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ વાસુદેવે સવ્ય સાચી અર્જુનને કુરુક્ષેત્રમાં ગીતા ઉપદેશ આપ્યો હતો. તે દિવસથી શાળાઓમાં શ્રીમદ ભાગવત ગીતા ને પાઠ્યપુસ્તક તરીકે ઉમેરવાનો નિર્ણય સમગ્ર ભારત વર્ષ માટે પથપ્રદર્શક બની રહેશે એમ હું દ્રઢપણે માનું છું.

ગીતાજીના ભાગ-1 ને ધોરણ 6 થી 8 માટે પ્રકાશિત કરી દેવામાં આવેલ છે. અને હવે ધોરણ 9 થી 10 માટે ભાગ-2 અને ધોરણ 11-12 માટે ભાગ-3 પ્રકાશિત થવા જઈ રહેલ છે. તે અતિ આનંદ અને સંતોષ નો વિષય છે.

સંસ્કૃતના શ્લોકો તેનું ગુજરાતીમાં ભાષાંતર સહિત ઉદાહરણો સાથે તૈયાર થયેલા પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓને જીવનમાં નીતિમત્તા તથા કર્મના જીવનમાં મહત્વ અંગે ઉપયોગી શિક્ષણ આપશે.

સાથે સાથે શિક્ષણ મંત્રાલયે સચિત્ર ગીતા સિદ્ધાંત અને મૂલ્યો વિશે પણ પુસ્તક પ્રકાશિત કરેલ છે. આપણી આવનારી પેઢી આપણા પાંચ હજાર વર્ષથી પણ જુના વૈદિક મૂલ્યો અને ભવ્ય સાંસ્કૃતિક વારસાથી પૂર્ણ રૂપે અવગત થાય તે માટેના આ પ્રયાસો સન્માનનીય અને આવકારદાયક છે.

2 ઓગસ્ટ 2024 ના દિવસે ગુજરાત લો સોસાયટીના એક કાર્યક્રમમાં તાત્કાલિક સુપ્રીમ કોર્ટ ના જજ શ્રી એ.આર દવેના શબ્દો મને યાદ આવે છે. કે આપણી પ્રાચીન “ ગુરુ શિષ્ય પરંપરા ” ભુલાઈ ગઈ છે. અને જો તે પરંપરા જીવીત હોત તો આજના સમયમાં જોવા મળતા હિંસા અને આંતકવાદના પ્રશ્નો ઉદ્ભવ્યા જ ન હોત. હું જો ભારતનો સર્મુખત્યાર હોત તો પહેલા ધોરણથી એ શાળાઓમાં ગીતા અને મહાભારતનું શિક્ષણ આપવાનું શરૂ કરાવ્યું હોત.

પ્રથમવાર પ્રધાનમંત્રી બન્યા પછી સપ્ટેમ્બર 2014 માં જાપાનની મુલાકાતે ગયેલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ જાપાનના સમ્રાટ “અકાહીતો” ને શ્રીમદ ભાગવત ગીતા ભેટ સ્વરૂપે અર્પણ કરી હતી. તે સમયે તેમણે કહ્યું હતું કે, હું નથી માનતો કે આનાથી ઉત્તમ બીજી કોઈ પણ વસ્તુ હું કોઈને આપી શકું. અને વિશ્વને પણ આનાથી ઉત્તમ બીજી કોઈ વસ્તુ મળી શકે તેમ પણ હું માનતો નથી. ત્યારબાદ અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી બેરેક ઓબામાને પણ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ શ્રીમદ ભાગવત ગીતા ભેટ સ્વરૂપે આપી હતી.

શ્રીકૃષ્ણ દ્વૈપાયન “વેદ વ્યાસજી” એ ભગવાન શ્રીકૃષ્ણના સ્વમુખે કહેવાયેલ તથા ધનુર્ધરી અર્જુન, સંજય તથા ધૃતરાષ્ટ્ર વચ્ચેના સંવાદો અને વાણીને શ્લોક બદ્ધ સાથે ઢાળીને 700 શ્લોકના 18 અધ્યાયમાં વિભાજીત આ ગ્રંથ સંસારના સર્વ મનુષ્ય માત્ર ને માટે પથપ્રદર્શક અને પ્રેરણાદાયી છે. તેના સારને ગ્રહણ કરવા માટે કોઈ વર્ણ, જાતિ કે સ્થાન ભેદ નથી. મનુષ્ય માત્ર સૃષ્ટિના મંગળ માટે શ્રીમદ ભાગવત ગીતા ની રચના થઈ છે.

**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।**
**मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि॥**

ગીતાજીના બીજા અધ્યાયના 47 માં શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણએ આ સંદેશો આપ્યો છે.

તારો કર્મ કરવામાં જ અધિકાર છે. એના ફળોમાં કદીયે નહીં. ફળની અપેક્ષાથી રહિત થઈને કર્તવ્ય બુદ્ધિથી તું કર્મ કર તથા તારી કર્મ ન કરવામાં પણ આસક્તિ ન થાઓ.

આમ, વિદ્યાર્થી જીવનમાં સ્ટ્રેસ, "ઉદ્વેગ"થી ઉપર ઊઠીને શ્રદ્ધાપૂર્વક કર્મ કરવાનો સંદેશ વિદ્યાર્થીઓને માનસિક રીતે સક્ષમ અને સરળ બનાવી શકે છે.

બીજો એક અધ્યાય 2 નો 56મો શ્લોક.

**દુઃખેષ્વનુ દ્વિગ્નમના: સુખેષુ વિગતસ્પૃહ |**
**વીતરાગભયક્રોધઃ સ્થિતધીર્મુનિરુચ્યતે ||**

અર્થાત દુ:ખોની પ્રાપ્તિ થતા જેને મનમાં ઉદ્વેગ નથી થતો, સુખો મળતા જે સંપૂર્ણપણે નિ:સપૃહ હોય છે. તથા, જેના રાગ, ભય અને ક્રોધ નાશ પામ્યા છે. એવો મનુષ્ય સ્થિર બુદ્ધિ વાળો કહેવાય છે.

આમ,જીવન ઘડતર કેવી રીતે કરવું કે જેથી જીવનમાં તણાવ અને માનસિક પરિતાપથી અલિપ્ત રહીને સ્વચ્છતા પૂર્વક કર્મ કરી શકાય, એનો અતિ ઉપયોગી સંદેશ વિદ્યાર્થી જીવનમાં નાનપણથી ઘડતરમાં એના માનસપટમાં સ્થાપિત થાય તો, આજકાલ અવારનવાર જોવા મળતા "વિદ્યાર્થી જીવનમાં આપઘાતના, ઘર છોડીને ભાગી જવાના કિસ્સાઓમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળશે એ નિર્વિવાદ હકીકત છે.

એક છેલ્લું દ્રષ્ટાંત આપું......

શ્રીમદ ભાગવત ગીતામાં અધ્યાય 16 ના શ્લોક નંબર 2 માં ભગવાને કહ્યું છે કે:

**અહિંસા સત્યમક્રોધસ્ત્યાગ શાન્તિરમૈથુનમ્ ।**
**દયા ભૂતેલોલુપ્યં માર્દવં હ્રીરચાપલમ્ ।।**

મન, વાણી અને શરીરથી કોઈ પણ પ્રકારનું કોઈનેય કષ્ટ ન આપવું યથાર્થ અને પ્રિય બોલવું. પોતાના ઉપર અપકાર કરનારની ઉપર પણ ક્રોધ ન હોવો, કર્મોમાં કર્તાપણાના અભિમાનનો ત્યાગ, અંતઃકરણની ઉપરતિ એટલે કે, ચિત્તની ચંચળતા ન હોવી, કોઈનાંય નિંદા આદિ ન કરવા, સર્વ ભુત પ્રાણીઓ પર કશાય હેતુ વિના દયાભાવ રાખવો, ઈન્દ્રિયોનો વિષયો સાથે સહયોગ થવા છતાં પણ વિષયો પ્રત્યે આશક્તિ ન હોવી, મૃદુ સ્વભાવ હોવો, લોક અને શાસ્ત્રથી વિરુદ્ધ આચરવામાં લજ્જા થવી તથા વ્યર્થ ચેષ્ટાઓ ન થવી, એ દૈવી સંપદાને લઈને જન્મેલા માણસના લક્ષણો છે.

આમ, શ્રીમદ ભાગવત ગીતા 21મી સદીના ભારતની શ્રેષ્ઠતમ યુવા પેઢી જે પોતાના અમૂલ્ય વારસા થી અવગત હોય, જે શ્રેષ્ઠતમ સદગુણોથી સંપન્ન હોય જે સુખ અને દુઃખમાં અનાશક્તિ યુક્ત સમ્યક ભાવ ધારણ કરી શકે અને જે સમાજ સેવા, રાષ્ટ્ર સેવામાં સમર્પિત રહેવા સદૈવ તત્પર હોય તેવા સમાજના નિર્માણ માટે જે જરૂરી છે તેવા ગુણોનું પઠન કરાવવામાં, તે મૂલ્યોને સમજાવવા માટે અતિ આવશ્યક મહાગ્રંથ છે.

પુનઃ ગુજરાતની ભાજપા સરકારને શ્રીમદ ભાગવત ગીતા ને ધોરણ 6 થી 12 ના અભ્યાસક્રમમાં સામેલ કરવા માટે અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન આપીને વીરમું છું.

**કૃષ્ણમ વંદે જગતગુરુમ ॥**

**યત ધર્મોઃ સ્તતો જયઃ ॥**

**જય હિન્દ ।**

**જય જય ગરવી ગુજરાત ।**